


## (D - 78)
## ઉપશમ રસ વર્ષે રે
### (પાર્શ્વપ્રભુ સ્તવન)

ઉપશમ રસ વર્ષે રે પ્રભુ તારા નયનમાં,
હૃદયકમલમાં દયા અનંત ઉભરાય જો;
વદનકમલ પર પ્રસન્નતા પ્રસરી રહી,
ચરણકમળમાં ભક્તિરસ રેલાય જો. ઉપશમરસ૦ ૧

કરકમલમાં કૃપારસ પૂરણ વહે,
શિર પર મૂક્યાં ઊપજે લબ્ધિ અનંત જો,
ચાર જ્ઞાન ચઉદશ પૂર્વી ગણધરો,
એહ કૃપાથી પામ્યા પૂર્ણાનંદ જો. ઉપશમરસ૦ ૨

અનંત ચતુષ્ટય મંડિત મુદ્રા તાહરી,
ભવ્યજીવોને હિતકારી ભગવાન જો,
સમકિત પામી સ્વામી આપ ચરણતણું,
હૃદયકમલમાં ધરતા નિર્મળ ધ્યાન જો. ઉપશમરસ૦ ૩

એ શક્તિથી ઉપાદાન બળ બહુ વધે,
અહોનિશ અંતર પ્રેમીજનનાં સિંચાય જો;
ભાવ અપૂરવ આત્મપ્રદેશે ઉલ્લસે,
જનવન જલધિ અલ્પ ભવે ઉતરાય જો. ઉપશમરસ૦ ૪

અત્યંત મંદ કષાય વિશુદ્ધ પરિણામથી,
ચિત્ત પ્રસન્નતા લબ્ધિ ઊપજે અતુલ જો;
અચિંત્ય શક્તિ ચૈતન્ય જ્યોતિ જળહળે,
સદૈવ વર્તે શુદ્ધ મંગળ મંજુલ જો. ઉપશમરસ૦ ૫